### વનડે વર્લ્ડ કપ ૨૦૨૩ ભારતમાં યોજાશે

# અમદાવાદમાં ૧૫ ઓક્ટોબરે ભારત-પાક. વચ્ચે જંગ

## પાંચમી ઓક્ટોબરે ટૂર્નામેન્ટની પહેલી મેચ ૨૦૧૯ની ફાઈનલિસ્ટ ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાશે

નવી દિલ્હી, તા.૧૨

વનડે વર્લ્ડ કપ ૨૦૨૩નું આયોજન ભારત દેશમાં થશે અને ઓક્ટોબર-નવેમ્બર મહિનામાં આ ટૂર્નામેન્ટનું આયોજન થઈ શકે છે. બીસીસીઆઈએ આ વનડે વર્લ્ડ કપ માટે શેડ્યૂલ ડ્રાફ્ટ પણ કરી દીધું છે. જે પ્રમાણે ૫ ઓક્ટોબરના દિવસે ટૂર્નામેન્ટની પહેલી મેચ રમાશે. ૨૦૧૯ની ફાઈનલિસ્ટ ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ટૂર્નામેન્ટની ઓપનર મેચ રમશે. જોકે એના ત્રણ દિવસ પછી ચેન્નઈમાં ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયા સામે પહેલી મેચ રમી પોતાના અભિયાનની શરૂઆત કરશે. આ વિગતો ઈએસપીએન ક્રિકઈન્ફોના રિપોર્ટ પરથી લેવામાં આવી છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્લ્ડ કપની મેચ ૧૫ ઓક્ટોબરના દિવસે રમાશે. આ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. આ વિશ્વનું સૌથી મોટુ ક્રિકેટ સ્ટેડિયમ છે. અહીં એક લાખ ૩૨ હજાર દર્શકો મેચ જોવા હાજર રહી શકે છે. ઉલ્લેખનીય છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ સૌથી મહત્ત્વપૂર્ણ ગણવામાં આવે છે. ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૨માં જ્યારે બંને ટીમો સામસામે આવી હતી ત્યારે મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ દર્શકોથી ઉભરાઈ ગયું હતું. અહીં લગભગ એક લાખ લોકોને બેસવાની ક્ષમતા છે. ગ્રુપ સ્ટેજની વાત કરીએ તો ઈન્ડિયન ટીમ ૯ મેદાનમાં રમત રમશે.

બીસીસીઆઈએ આઈસીસીને ડ્રાફ્ટ શેડ્યૂલ મોકલ્યું

### ઈન્ડિયન ટીમનું ડ્રાફ્ટ થયેલું શેડ્યૂલ

૧. ભારત vs ઓસ્ટ્રેલિયાઃ ૮ ઓક્ટોબર, ચેન્નઈ
૨. ભારત vs અફઘાનિસ્તાનઃ ૧૧ ઓક્ટોબર, દિલ્હી
૩. ભારત vs પાકિસ્તાનઃ ૧૫ ઓક્ટોબર, અમદાવાદ
૪. ભારત vs બાંગ્લાદેશઃ ૧૯ ઓક્ટોબર, પુણે
૫. ભારત vs ન્યૂઝીલેન્ડઃ ૨૨ ઓક્ટોબર, ધર્મશાલા
૬. ભારત vs ઈંગ્લેન્ડઃ ૨૯ ઓક્ટોબર, લખનઉ
૭. ભારત vs ક્વોલિફાયર ટીમ, ૨ નવેમ્બર, મુંબઈ
૮. ભારત vs દક્ષિણ આફ્રિકા, ૫ નવેમ્બર, કોલકાતા
૯. ભારત vs ક્વોલિફાયર ટીમ, ૧૧ નવેમ્બર, બેંગલુરૂ

મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે આની સત્તાવાર જાહેરાત હજુ બાકી છે. પરંતુ બીસીસીઆઈએ ડ્રાફ્ટ શેડ્યૂલને આઈસીસીસાથે શેર કરી દીધું છે. આને હવે જે ટીમો ભાગ લેવા જઈ રહી છે તેની પાસે મોકલાશે અને તેઓ આને રિવ્યૂ કરશે. ત્યારપછી આગામી સપ્તાહ સુધીના અંતમાં સત્તાવાર શેડ્યૂલની જાહેરાત થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે આ ડ્રાફ્ટમાં સેમિફાઈનલ કયા મેદાનમાં રમાશે એની જાણકારી આપવામાં આવી નથી. જે ૧૫ અને ૧૬ નવેમ્બરના રોજ રમાવાની સંભાવના છે.

જ્યારે ફાઈનલ મેચ ૧૯ નવેમ્બરના દિવસે અમદાવાદમાં રમાય એવું આયોજન કરાયું છે. ટૂર્નામેન્ટની પહેલી મેચ પણ અમદાવાદમાં રમાશે એવી માહિતી મળી રહી છે.

અન્ય હાઈવેલ્ટેજ મેચની વાત કરીએ તો ૨૯ ઓક્ટોબરે ધર્મશાલામાં ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ વચ્ચે મેચ રમાશે. જ્યારે ૪ નવેમ્બરે અમદાવાદમાં ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ જ્યારે ૧ નવેમ્બરે પુણેમાં ન્યૂઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે મેચ રમાશે.

### રાજ્યના અનેક બંદરો પર ભયસૂચક સિગ્નલ

# ભાજપે ૧૫ જૂન સુધી નિર્ધારિત કાર્યક્રમો આખરે મોકૂફ રાખ્યા

## ૧૫ જૂન સુધી ગુજરાતમાં મોદીની સરકારના ૯ વર્ષ પૂર્ણ થવા પર ભાજપની ઠેર ઠેર સભાઓ યોજાવાની હતી

અમદાવાદ, તા.૧૨

ગુજરાતના માથે બિપોરજોય વાવાઝોડાની અસર મંડરાઈ રહી છે. સૌરાષ્ટ્ર અને કચ્છના તમામ બંદરો પર ભયસૂચક સિગ્નલો લગાવી દેવાયા છે. તે ઉપરાંત દરિયાકાંઠાની નજીકમાં રહેતાં લોકોનું સ્થળાંતર પણ કરવામાં આવી રહ્યું છે. શિક્ષણ વિભાગે કચ્છની સ્કૂલમાં રજા જાહેર કરી છે. ત્યારે ભાજપે પણ પોતાના નિર્ધારિત કાર્યક્રમો મોકૂફ કરવાની જાહેરાત કરી છે. આજથી ૧૫ જૂન સુધી ગુજરાતમાં વડાપ્રધાન મોદીની સરકારના ૯ વર્ષ પૂર્ણ થવા પર ભાજપની ઠેર ઠેર સભાયો યોજાવાની હતી. જે બિપોરજોય વાવાઝોડાના કારણે મોકૂફ રાખવામાં આવી છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર બિપોરજોય વાવાઝોડાને લઈને આજે બેઠક કરશે. આગામી લોકસભાની ચૂંટણીને લઈને રાજ્યમાં ઠેર ઠેર કેન્દ્ર સરકારના કાર્યો લોકો સુધી પહોંચાડવા માટે ભાજપ દ્વારા બેઠકો શરૂ કરવામાં આવી છે. જેમાં છેલ્લા ૯ વર્ષમાં મોદી સરકારે કરેલા કામોની માહિતી આપવામાં આવી રહી છે. આ માટે કેન્દ્રીય તથા રાજ્યના મંત્રીઓ લોકોની સમક્ષ સભાઓ ગજવી રહ્યાં છે. પરંતુ રાજ્યના માથે બિપોરજોય વાવાઝોડાનો ખતરો હોવાથી આ સભાઓ મોકૂફ રાખવાની ભાજપ દ્વારા જાહેરાત કરવામાં આવી છે. વાવાઝોડાના રૌદ્ર રુપને જોતા ગુજરાતના અનેક બંદરો પર ભયસૂચક સિગ્નલ લગાવવામાં આવ્યા છે. જેમાં જખૌ, પોરબંદર, ઓખા બંદર અને મોરબીના નવલખી બંદર પર ૧૦ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. ગુજરાત મેરી ટાઈમ બોર્ડ દ્વારા સિગ્નલ લગાવવામાં આવ્યું છે. આ ઉપરાંત મુંદ્રા, માંડવી બંદર પર પણ નવ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. કોટેશ્વર-નારાયણસરોવર બંધ રાખવા આદેશ કરવામાં આવ્યો છે. મંદિર દરિયા નજીક હોવાથી આ નિર્ણય લેવાયો છે. કચ્છના જખૌના કાંઠા વિસ્તારના ગામોને સ્થળાંતરની સૂચના અપાઈ છે. કચ્છના જખૌ બંદર પર ૧૦ નંબરનું ભયજનક સિગ્નલ લાગવામાં આવ્યું છે. જામનગર શહેર અને જિલ્લામાં સંભવિત વાવાઝોડા ના પગલે કોઈ જાનહાની સર્જાય, અથવા તો આપત્તિ જનક સ્થિતી બને, તો તેવી સ્થિતિને પહોંચી વળવાના ભાગરૂપે રાજય સરકાર દ્વારા એનડીઆરએફ અને એસફીઆરએફની બે ટીમોને જામનગર જિલ્લામાં મોકલી અપાઈ છે, અને જામનગર જિલ્લાના વહીવટી તંત્ર પાસે ટીમને સજજ બનાવીને તૈયાર રાખવામાં આવી છે. જામનગર જિલ્લાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા સમગ્ર જિલ્લામાં સંભવિત વાવાઝોડા ના પગલે આપત્તિ જનક સ્થિતિ ને પહોંચી વળવા માટેની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે,



સોમવારે અમદાવાદમાં વાતાવરણ વાદળછાયું રહ્યું હતું.

# ગીર સોમનાથમાં માઢવાડ ગામે ૬ મકાન ધરાશાયી

## ૨૩ ઘરના ૧૬૦ લોકોનું હાલ સ્થળાંતરઃ વાવાઝોડા બિપોરજોયની અસર ઠેર ઠેર

ગીર સોમનાથ, તા.૧૨

ગીર સોમનાથમાં માઢવાડ ગામે ૬ મકાન ધરાશાયી થયા હોવાની ઘટના સામે આવી છે. વાવાઝોડાની અસરથી મકાન ધરાશાયી થયા છે. દરિયાના ઊંચા મોજા મકાન સાથે અથડાતા ઘટના બની છે. ગામના ૨૩ ઘરના ૧૬૦ લોકોનું હાલ સ્થળાંતર કરાયું છે. હાલમાં વાવાઝોડા બિપોરજોયની અસર ઠેર ઠેર જોવા મળી રહી છે. જેના કારણે રાજયના અનેક વિસ્તારોમાં વરસાદ શરૂ થયો છે. ગીરસોમનાથ જિલ્લામાં ધીમી ધારે વરસાદ વરસી રહ્યો છે. વેરાવળ, સોમનાથ, સુત્રાપાડા સહિત તમામ તાલુકામાં વરસાદ વરસી રહ્યો છે. તો રાજકોટના ગોંડલ પંથકમાં ભારે પવન સાથે ઝરમર વરસાદ વરસ્યો છે.

ખાસ કરીને દરિયામાં હાલ કરંટ જોવા મળી રહ્યો છે. જેને કારણે ઊંચા મોજા ઉછળી રહ્યા છે. આ તરફ ગીર સોમનાથમાં ઉછળી રહેલા મોજાએ તારાજી સર્જી છે. જોકે વાવાઝોડાના સંભવિત ખતરાને લઈને સરકાર આયોજનબદ્ધ રીતે કામગીરી કરી રહી છે. ત્યારે આવતીકાલથી જોખમી વિસ્તારમાં રહેતા લોકોની સ્થળાંતર પ્રક્રિયા શરૂ થશે. કચ્છ, ગીર સોમનાથ અને દ્વારકા જિલ્લામાં જોખમી વિસ્તારમાં રહેતા લોકોનું સ્થળાંતર કરાશે. તંત્રએ દરિયા કિનારા પાસેના ૨૫ તાલુકાના લોકોની ઓળખ કરી છે. દરિયા કિનારાથી ૦થી ૨૫ કિલોમીટર વિસ્તારમાં રહેતા લોકોને અગ્રિમતા આપવામાં આવી છે. ગીર સોમનાથના વેરાવળમાં દરિયો તોફાની બનતા હોડી તણાઈ હોવાનું સામે આવ્યું છે. જાલેશ્વર દરિયાકાંઠેથી પાંચ જેટલી હોડી દરિયામાં તણાઈ ગઈ છે. આજીવિકાનું એકમાત્ર સાધન હોડી તણાઈ જવાથી માછીમાર પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે. જેથી જાલેશ્વરના માછીમાર પરિવારે તંત્ર પાસે મદદની વિનંતી કરી હતી. તો વાવાઝોડાની અસરને પગલે દરિયો તાંડવ કરી રહ્યો છે જેનો ભોગ ગીર સોમનાથના દરિયા કિનારે આવેલા ઘરો બન્યા છે. જેમાં વાવાઝોડાની અસરથી મકાન ધરાશાયી થયા છે. દરિયાના ઊંચા મોજા મકાન સાથે અથડાતા આ ઘટના બની હોવાનું સામે આવ્યું છે. જોકે આ ઘટનાને લઈ ગામના ૨૩ ઘરના ૧૬૦ લોકોનું હાલ સ્થળાંતર કરાયું છે. મહત્વનુ છે કે આગામી સમયમાં હજી પણ કેટલાય લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી શકે તેવી શિતિ એચએએલ સર્જાઈ છે. જેને લઈ તંત્ર એલર્ટ થયું છે.

# મુખ્ય સચિવે જિલ્લા વહીવટી તંત્ર સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પરિસ્થિતિનો તાગ મેળવ્યો

ગાંધીનગર, તા.૧૨

રાહત કમિશનર આલોક કુમાર પાંડેએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં સંભવિત 'બિપરજોય' વાવાઝોડાથી કોઈપણ પ્રકારની જાનહાનિ ન થાય તે માટે રાજ્ય સરકાર સતત કાર્યરત છે. દરિયા કિનારાના કચ્છ, જામનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જુનાગઢ, ગીર સોમનાથ, મોરબી, પાટણ અને બનાસકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રી, પ્રભારી સચિવ, કલેક્ટર તેમજ વહીવટ તંત્ર સાથે વાવાઝોડા સંદર્ભે ગાંધીનગરથી મુખ્ય સચિવ રાજકુમારે જિલ્લા વહીવટી તંત્ર સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી બચાવ-રાહત કામગીરીની પરિસ્થિતિનો તાગ મેળવી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. જેમાં મોરબી ખાતેથી પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈ અને જામનગર મંત્રી મૂળુભાઈ બેરાએ ઓનલાઈન ઉપસ્થિત રહીને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. કેન્દ્રીય કેબિનેટ સચિવે આજે વાવાઝોડા સંદર્ભે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તમામ ૨૪ હજાર બોટો સલામત સ્થળે પાર્ક કરી દેવામાં આવી છે.

# રાજ્યમાં વન, આરોગ્ય, વીજ વિભાગની ટુકડીઓ સજજ

## વાવાઝોડા બાદ વીજળી પુરવઠો પૂર્વવત કરવા પીજીવીસીએલની ટીમો તહેનાત : વીજળી પુરવઠો પૂર્વવત કરવા પીજીવીસીએલની ટીમો દ્વારા વીજ પોલ સહિતનો જરૂરી જથ્થો સબ સ્ટેશનોમાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યા

અમદાવાદ, તા.૧૨

રાહત કમિશનર આલોક કુમાર પાંડેએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં સંભવિત 'બિપરજોય' વાવાઝોડાથી કોઈપણ પ્રકારની જાનહાનિ ન થાય તે માટે રાજ્ય સરકાર સતત કાર્યરત છે. દરિયા કિનારાના કચ્છ, જામનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જુનાગઢ, ગીર સોમનાથ, મોરબી, પાટણ અને બનાસકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રી, પ્રભારી સચિવ, કલેક્ટર તેમજ વહીવટ તંત્ર સાથે વાવાઝોડા સંદર્ભે ગાંધીનગરથી મુખ્ય સચિવ રાજકુમારે જિલ્લા વહીવટી તંત્ર સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી બચાવ-રાહત કામગીરીની પરિસ્થિતિનો તાગ મેળવી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

જેમાં મોરબી ખાતેથી પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈ અને જામનગરથી મંત્રી મૂળુભાઈ બેરાએ ઓનલાઈન ઉપસ્થિત રહીને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

કેન્દ્રીય કેબિનેટ સચિવએ આજે સવારે વાવાઝોડા સંદર્ભે માહિતી મેળવીને જરૂરી માર્ગદર્શન આપી તમામ મદદની તૈયારી બતાવી હતી તેમ તેમણે ઉમેર્યું હતું. રાહત કમિશનર પાંડેએ જિલ્લા વહીવટી તંત્રની તૈયારીઓ અંગે વિગતો આપતાં કહ્યું હતું કે, ગુજરાતમાં 'બિપરજોય' વાવાઝોડાથી પ્રભાવિત જિલ્લાઓમાં તા. ૧૪ અને ૧૫ જૂનના રોજ ભારેથી અતિ ભારે વરસાદ અને અંદાજે ૧૨૫ કિ.મી.થી વધુની ઝડપે પવન ફૂંકાશે. આવતીકાલે તારીખ ૧૩ જૂનથી પ્રથમ તબક્કામાં દરિયા કિનારાથી ૦ થી ૫ કિ.મી. અને ત્યારબાદ ૫ થી ૧૦ કિ.મીના અંતરે વસતા લોકોને સલામત સ્થળે ખસેડાશે જેમાં બાળકો, ગર્ભવતી મહિલાઓ તેમજ વૃદ્ધોને પ્રાધાન્ય આપવામાં આવશે. વાવાઝોડા બાદ વીજળી પુરવઠો પૂર્વવત કરવા પીજીવીસીએલની ટીમો દ્વારા વીજ પોલ સહિતનો જરૂરી જથ્થો સબ સ્ટેશનોમાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે.

# રાજભવનમાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં ધર્મગુરુઓ, સંતો-મહંતો પધાર્યા



ગાંધીનગર, તા.૧૨

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સાધુ-સંતો, મહંતો અને ધર્મગુરુઓને અપીલ કરી હતી કે, તેઓ પોતાના ઉપદેશમાં, સત્સંગમાં અને કથા-પ્રવચનોમાં પ્રાકૃતિક ખેતી કરવાની પ્રેરણા આપે. અનુયાયીઓ-શિષ્યોને પ્રાકૃતિક કૃષિ પેદાશો જ વાપરવાની શિખામણ આપે. પ્રકૃતિના સંતુલન માટે પ્રાકૃતિક ખેતી અનિવાર્ય છે અને સ્વસ્થ આરોગ્યપ્રદ જીવન માટે પ્રાકૃતિક આહાર જરૂરી છે. ગાંધીનગરમાં રાજભવનમાં સાધુ-સંતો, ધર્મગુરુઓ સાથેના પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં ગુજરાતભરમાંથી પધારેલા ધર્મગુરુઓ, સંતો-મહંતોને સંબોધતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, સંતો-ગુરુજનો જે માર્ગે ચાલે છે તેનું અનુસરણ સમગ્ર સમાજ કરે છે. જો ધર્મગુરુઓ પ્રાકૃતિક કૃષિ કરવાનો અને પ્રાકૃતિક પેદાશો જ ઉપયોગમાં લેવાનો ઉપદેશ આપશે તો લોકોનું કલ્યાણ થશે. ગુજરાતમાં લગભગ તમામ મંદિરો, આશ્રમોમાં ગૌશાળા છે અને ધાર્મિક સંસ્થાઓની પોતાની ખેતી છે. ધાર્મિક જગ્યાઓમાં પ્રાકૃતિક ખેતી થાય એવો પણ તેમણે અનુરોધ કર્યો હતો.

# આફતની પરિસ્થિતિમાં ઊભા કરાયેલ કંટ્રોલરૂમના સંપર્કમાં રહેવા સૂચન

ગાંધીનગર, તા.૧૨

સહકાર મંત્રીશ્રી જગદીશભાઈ પંચાલ દ્વારા રાજયમાં "બિપરજોય વાવાઝોડા"ની સંભવિત અસરોને ધ્યાને લઈ ખેત ઉત્પન્ન બજાર સમિતિઓને સતર્ક રહેવા તાકીદ કરી છે. તેમણે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી સરકારમાં રાજયના તમામ ખેડૂતોને પોષણક્ષમ ભાવ અપાવવા માટે ૨૨૪ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ રાજ્યભરમાં કાર્યરત છે.

મંત્રી શ્રી વિશ્વકર્મા દ્વારા "બિપરજોય વાવાઝોડા"ની જે જિલ્લાઓમાં વિશેષ અસર થવાની સંભાવના છે તેવા દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જામનગર, જુનાગઢ, મોરબી અને કચ્છ એમ કુલ છ જિલ્લાની તેમજ સૌરાષ્ટ્ર સહિત ગુજરાતનાં અન્ય જિલ્લાઓ કે જ્યાં "બિપરજોય વાવાઝોડા"ના કારણે વરસાદ થવાની સંભાવના છે તે જિલ્લાની તમામ બજાર સમિતિઓને એલર્ટ રહી કાર્યદક્ષતા દાખવવાની સૂચના આપવામાં આવી છે. વધુમાં, સંબંધિત જિલ્લાના જિલ્લા રજિસ્ટ્રારશ્રીઓ તથા સંબંધિત બજાર સમિતિઓના મંત્રીઓને આ વાવાઝોડાની અસરથી બજાર સમિતિઓમાં ખેડૂત અને વેપારીની ખેત પેદાશોને નુકસાન ન થાય તે સુનિશ્ચિત કરવા તાકીદ કરવામાં આવી હોવાનું ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર નિયામકની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં જણાવ્યા મુજબ ખેડૂતોને પણ પોતાના વાડી વિસ્તારોમાંથી ખેત પેદાશોને તાત્કાલિક સુરક્ષિત જગ્યાએ ખસેડવા સૂચના આપવામાં આવી છે. તમામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓમાં ખુલ્લામાં રહેલી ખેતપેદાશોને તાત્કાલિક અસરથી ગોડાઉનમાં મૂકવા અથવા વૈકલ્પિક વ્યવસ્થા કરી સુરક્ષિત જગ્યાએ રાખવા સૂચના અપાઈ છે. વધુમાં, જરૂર જણાયે સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને લઈ બજાર સમિતિનું કામકાજ પણ બંધ રાખવા જણાવાયું છે.

### પેચવર્કનું કામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે એકબાજુ પાણી ગટરની નવી લાઈન નાંખવામાં આવી રહી છે. ત્યારે સેકટરોના આંતરિક માર્ગોનુ કામ હાથ ધરવામાં હજુ સમય લાગે તેમ છે. ત્યારે હાલ વરસાદી દિવસો માથે છે. ત્યારે સેકટરોના આંતરિક માર્ગોની દશા વધુ ખરાબ થાય તેવી સંભાવના છે. હાલ પણ સેકટરોમાં ઠેર ઠેર ઉબડ ખાબડની સ્થિતિ જોવા મળે છે. સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ પણ નિયત સમયના અંતે હાથ ધરવામાં આવ્યુ નથી જયારે સે ૧ થી ૫ માં આંતરિક માર્ગોનુ કામ મંજુર કરી દેવાયા બાદ પણ નવી લાઈન નાંખવાની કામગીરીના લીધે હાલ કામ વિલંબમાં પડ્યુ છે. ત્યારે વરસાદી દિવસો દરમિયાન સ્થાનિકોએ હાલાકી ન વેઠવી પડે તે માટે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ કોર્પોરેશન દ્વારા પેચવર્કનુ કામ હાથ ધરવામાં આવે તેવી અનિવાર્યતા ઉભી થઈ છે.

### કામે લગાડી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે નમી પડેલી વૃક્ષોની ડાળીઓ પવનના સંજોગોમાં જમીનદોસ્ત ન થાય તે માટે ટ્રીમીંગની કામગીરી પણ હાથ ધરવામાં આવશે. શહેરમાં ઉભા સુકા વૃક્ષો દુર કરવા માટે પણ વનતંત્રએ અભિયાન હાથ ધર્યુ છે. જયારે ભારે પવન તેમજ વરસાદના સંજોગોમાં શહેરમાં વૃક્ષો જમીનદોસ્ત થાય તો તુરંત જ રસ્તો બ્લોક ન થાય તે માટે વૃક્ષો દુર કરવા માટે પણ ટીમ સ્ટેન્ડ ટુ રાખવામાં આવશે.

### વેરો ભર્યો નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મનપાની વળતર યોજનાની મુદત લંબાયા પછી વસુલાત જે રીતે ધીમી પડી છે તેને લઈ સત્તાવાળાઓ ચોંક્યા છે. સરકાર પાસેથી પણ સરકારી મિલ્કતનો વેરો આવે તેની વસુલાત થાય તે દિશામાં પણ ચક્રો ગતિમાન કર્યા છે પરંતુ હજુ ધાર્યો પ્રતિસાદ સાંપડ્યો નથી.

મનપામાં ધીમી પડેલી વસુલાતને લઈ તંત્રના અધિકારીઓની પણ સમીક્ષા બેઠક યોજાઈ હોવાનું જાણવા મળેલ છે. આ વખતે મિલ્કતવેરાની વસુલાત માટે તંત્ર આગામી દિવસોમાં આકરા પગલાં કેવા લેવા તે અંગેની વિચારણા હાથ ધરી છે.

ગત નાણાંકીય વર્ષમાં સિલીંગનું શસ્ત્ર તંત્ર દ્વારા ઉગામવામાં આવ્યુ હતુ. આ વખતે પણ મિલ્કતોના સિલીંગની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ ઉપરાંત મોટા બાકીદારો પાસેથી વસુલાત ઝડપથી થાય તે દિશામાં પણ વિચારણા હાથ ધરી છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ બિલોનું વિતરણ સંપન્ન થઈ ગયુ છે. આકારણીને લઈ મળેલ વિવાદી અરજીઓના નિકાલની ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી છે.

### પ્રવેશ અપાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરાવવામાં આવી છે. તેમજ સરકાર દ્વારા બાળકીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ પણ ચૂકવવામાં આવ્યા છે.

શાળા પ્રવેશોત્સવમાં જિલ્લાના સેવાભાવી લોકોએ બાળકોના શૈક્ષણિક ઉપયોગ માટે રોકડ અને વસ્તુ સ્વરૂપમાં દાન કરીને નાગરિક તરીકેની કર્તવ્યનિષ્ઠા ઉજાગર કરી છે. જિલ્લામાં ચારેય તાલુકાની શાળાઓને મળીને ૨,૭૫,૮૫૫ રૂપિયા રોકડ અને ૬૪,૧૭,૧૯૨ રૂપિયા મૂલ્યની વસ્તુઓ સહિત કુલ ૬૬,૯૩,૦૪૭ રૂપિયાનું દાન લોક સહકાર સ્વરૂપે પ્રાપ્ત થયું છે.

### વેરો ભર્યો નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મનપાની વળતર યોજનાની મુદત લંબાયા પછી વસુલાત જે રીતે ધીમી પડી છે તેને લઈ સત્તાવાળાઓ ચોંક્યા છે. સરકાર પાસેથી પણ સરકારી મિલ્કતનો વેરો આવે તેની વસુલાત થાય તે દિશામાં પણ ચક્રો ગતિમાન કર્યા છે પરંતુ હજુ ધાર્યો પ્રતિસાદ સાંપડ્યો નથી.

મનપામાં ધીમી પડેલી વસુલાતને લઈ તંત્રના અધિકારીઓની પણ સમીક્ષા બેઠક યોજાઈ હોવાનું જાણવા મળેલ છે. આ વખતે મિલ્કતવેરાની વસુલાત માટે તંત્ર આગામી દિવસોમાં આકરા પગલાં કેવા લેવા તે અંગેની વિચારણા હાથ ધરી છે.

ગત નાણાંકીય વર્ષમાં સિલીંગનું શસ્ત્ર તંત્ર દ્વારા ઉગામવામાં આવ્યુ હતુ. આ વખતે પણ મિલ્કતોના સિલીંગની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ ઉપરાંત મોટા બાકીદારો પાસેથી વસુલાત ઝડપથી થાય તે દિશામાં પણ વિચારણા હાથ ધરી છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ બિલોનું વિતરણ સંપન્ન થઈ ગયુ છે. આકારણીને લઈ મળેલ વિવાદી અરજીઓના નિકાલની ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી છે.

### પ્રવેશ અપાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરાવવામાં આવી છે. તેમજ સરકાર દ્વારા બાળકીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ પણ ચૂકવવામાં આવ્યા છે.

શાળા પ્રવેશોત્સવમાં જિલ્લાના સેવાભાવી લોકોએ બાળકોના શૈક્ષણિક ઉપયોગ માટે રોકડ અને વસ્તુ સ્વરૂપમાં દાન કરીને નાગરિક તરીકેની કર્તવ્યનિષ્ઠા ઉજાગર કરી છે. જિલ્લામાં ચારેય તાલુકાની શાળાઓને મળીને ૨,૭૫,૮૫૫ રૂપિયા રોકડ અને ૬૪,૧૭,૧૯૨ રૂપિયા મૂલ્યની વસ્તુઓ સહિત કુલ ૬૬,૯૩,૦૪૭ રૂપિયાનું દાન લોક સહકાર સ્વરૂપે પ્રાપ્ત થયું છે.

### ખતરાના સિગ્નલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તૈયારીઓ કરી છે. અરબી સમુદ્રમાં સર્જાયેલા બિપોરજોય વાવાઝોડાને પગલે પોરબંદરના વાતાવરણમાં પલટો આવ્યો છે. પોરબંદરમાં કાળા ડિબાંગ વાદળો વચ્ચે વરસાદ શરૂ થયો છે. પવન સાથે વરસાદ શરૂ થયો છે. દરિયામાં તોફાની મોજા ઉછળી રહ્યા છે.

બિપરજોય વાવાઝોડાની સંભવિત અસરને લઈ ધોરાજી ડિઝિસ્ટર વિભાગની ટીમ એલર્ટ થઈ ગઈ છે. ધોરાજીમાં વાવાઝોડાને લઈ વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. ધોરાજીમાં ભારે પવન ફૂંકાવવાની સાથે ધીમી ધારે વરસાદ શરૂ થયો છે. ધોરાજીમા તંત્ર દ્વારા ગ્રામ્ય પંથકમાં માઈક દ્વારા સાવચેતી રાખવા સૂચના આપી આપવામાં આવી છે. સંભવિત બિપરજોય વાવાઝોડાની અસરને કારણે સાવચેતી રાખવી, વૃક્ષ નીચે બેસવું નહીં, કામ સિવાય ઘરની બહાર નીકળવું નહીં અને વીજપોલને અડકવું નહીં જેવી માઈક દ્વારા સતત સૂચના આપવામાં આવી રહી છે.

ગીર સોમનાથ, ધોરાજી, પોરબંદર ઉપરાંત દ્વારકા જિલ્લામાં પણ વરસાદની શરૂઆત થઈ છે. બિપરજોય વાવાઝોડાને કારણે વરસાદની શરુઆત થઈ છે. દ્વારકામાં ધીમી ધારે વરસાદી ઝાપટા શરુ થયા છે. વાવાઝોડાને કારણે વાતાવરણ બદલાતા પવન ફૂંકાઈ રહ્યો છે. આપને જણાવી દઈએ કે દ્વારકા સહિતના વિસ્તારોમાં હવામાન વિભાગે ભારે વરસાદની આગાહી કરી છે. અમરેલીના ખાંભા ગીરના ગ્રામ્ય વિસ્તારમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. પચપચીયા, રબારીકા, સાળવા, કંટાળા, ભાણીયા, ધુંધવાના ગામોમાં ભારે પવન સાથે વરસાદ શરૂ થયો છે. ભારે પવનને કારણે મિનિ વાવાઝોડા જેવી અસર જોવા મળી રહી છે.

### રનવે બંધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉછળતાં દેખાઈ રહ્યાં છે. મુંબઈ અને પાલઘર જિલ્લામાં ૪૫થી ૫૫ કિમીની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. વાવાઝોડાના પગલે મુંબઈ એરપોર્ટ પર રન વે બંધ કરાયો અને એર ઈન્ડિયાએ કેટલીક ફ્લાઈટો પણ રદ કરી છે. આ વાવાઝોડાંનાં ખતરાને લઈને મહારાષ્ટ્રનાં કેટલાક જિલ્લાઓમાં ગઈકાલે એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. હવામાન વિભાગે ચેતવણી આપતાં કહ્યું કે, આ જિલ્લાઓમાં વીજળી ભારે પવન સાથે મધ્યમ વરસાદ આવી શકે છે. રત્નાગિરી, રાયગઢ, થાણે, પાલઘર અને અન્ય આસપાસનાં વિસ્તારમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.